## હિસાબ નિયામકશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી

## નવસારી

---

# <u>પરિપત્ર</u>

**વિષય :– તા.૦૧/૦૭/૨૦૧૭ થી તથા તા.૦૧/૦૧/૨૦૧૮ થી મોંઘવારી ભથ્થાનાં દરમાં સુધારણાં કરવા બાબત..( છઠ્ઠા પગારપંચ સંદર્ભે )**

આ સાથે સામેલ ગુજરાત સરકાર, નાણાં વિભાગના તા.૩૦/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :વલભ–૧૦૨૦૧૮–જીઓઆઈ–૫–ચ, મુજબ ૧/૭/૨૦૧૭ થી ૧૩૯ % તથા તા.૦૧/૦૧/૨૦૧૮ થી ૧૪૨% મોંઘવારી ભથ્થાના દરમાં સુધારણા કરવામાં આવેલ હોય, જેને આ યુનિવર્સિટીમાં અમલ કરવા માટે માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી નીચેની સુચનાસહ ઠરાવ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) તા.૦૧/૦૭/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીના સમયના મોંઘવારી ભથ્થાનાં બીલો ૧૩૯% મુજબ અને તા.૦૧/૦૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૮ સુધીના બીલો ૧૪૨% મુજબ તફાવતનાં બીલો તૈયાર કરી વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીએ રજુ કરવા જણાવવામાં આવે છે.

(૨) છઠ્ઠા પગારપંચ મુજબ પગાર ભથ્થા મેળવતા અધિકારી / કર્મચારીઓને માહે નવેમ્બર–૨૦૧૮ નાં રેગ્યુલર પગાર બીલે ૧૪૨% મુજબ મોંઘવારી ભથ્થું આકારીને ચુકવવાનું રહેશે.

**હિસાબ નિયામક**

જા.નં.નકૃયુ/હિનિ/કંટ્રોલ/૭૪૦૬-૦૮ /૧૮. તા.૦૧/૧૧/૨૦૧૮

**<u>નકલ જયભારત સાથ રવાના</u> :**

(૧) આ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ / નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ.

(૨) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.

(૩) હિસાબી અધિકારી (કેશ),અત્રેની કચેરીમાં.

તા. ૧/૭/૨૦૧૭ થી તથા તા. ૧/૧/૨૦૧૮ થી
મોંઘવારી ભથ્થાના દરમાં સુધારણા કરવા બાબત
(છઠ્ઠા પગારપંચ સંદર્ભે)

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૮-જીઓઆઇ-૫-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૦/૧૦/૨૦૧૮

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ
(૨) નાણા વિભાગનો તા. ૨૭/૨/૨૦૦૯ નો ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૦૯-૭-પે સેલ (મ)
(૩) નાણા વિભાગનો તા. ૨૪/૧૦/૨૦૧૭ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૭-જીઓઆઇ-૩-ચ,
(૪) ભારત સરકારનું તા. ૨૬/૯/૨૦૧૭ નું તથા તા. ૨૮/૩/૨૦૧૮ નું ઓફીસ મેમોરેન્ડમ નં. ૧/૩/૨૦૦૮/ઇ.૨(બી)

## //ઠરાવ//

આમુખમાં દર્શાવેલ સરકારી ઠરાવ અન્વયે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૦૯ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર, સંદર્ભમાં દર્શાવેલ ક્રમ (૩) થી તા. ૨૪/૧૦/૨૦૧૭ ના સરકારી ઠરાવ નં. વલભ-૧૦૨૦૧૭-જીઓઆઇ-૩-ચ અન્વયે મોંઘવારી ભથ્થાના દરોમાં વધારો મંજૂર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૬ ની અસરથી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ લાગુ પાડવામાં આવતાં નવા પગારધોરણો ઉપર તા. ૧/૧/૨૦૧૬ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના નવા દરો અને તે દરોમાં વખતોવખત વધારો મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ જે અધિકારી/કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસારના પગારધોરણો લાગુ પાડવામાં આવેલ નથી અને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવે છે તેવા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન દરોમાં તા. ૧/૭/૨૦૧૭ થી સુધારણા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

અગાઉ નાણા વિભાગના તા. ૨૪/૧૦/૨૦૧૭ ના ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૭-જીઓઆઇ-૩-ચ થી કર્મચારીઓને ૧૩૬% મુજબ મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે છઠ્ઠા પગારપંચ મુજબ પગાર મેળવતા કર્મચારીઓના કિસ્સામાં ચૂકવવાપાત્ર

મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા. ૧/૭/૨૦૧૭ થી તથા તા. ૧/૧/૨૦૧૮ થી નીચે મુજબ વધારો કરીને ચૂકવવાનું નક્કી કરેલ છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૧૭ થી | મૂળ પગારના ૧૩૯% |
| તા. ૧/૧/૨૦૧૮ થી | મુળ પગારના ૧૪૨% |

આ હુકમો હેઠળ મોંઘવારી ભથ્થુ વિનિયમિત કરતી વખતે નાણા વિભાગના તા. ૨૭/૨/૨૦૦૯ ના સરકારી ઠરાવ નં. પીજીઆર/૧૦૦૯/૬/પે સેલ (મ) ના ફકરા નં. ૩ અને ૪ માં આપેલી જોગવાઇઓ અગાઉની જેમજ લાગુ પડશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

આ હુકમો હેઠળ ચૂકવવા પાત્ર થતો મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તા. ૧/૭/૨૦૧૭ થી રોકડમાં ચૂકવવામાં આવશે.

છઠ્ઠા પગારપંચ મુજબ પેન્શન મેળવતા પેન્શનરોને આ તફાવતની રકમ રોકડમાં ચૂકવવાની રહેશે.

એન.પી.પી.એ. મેળવનાર કર્મચારી/અધિકારીઓને મોંઘવારી ભથ્થાના હાલના કુલ ૩% વધારાના લાભની ગણત્રી પગાર સુધારણા-૨૦૦૯ મુજબ તથા નાણા વિભાગ (પ.એ.) ના તા. ૨૫/૬/૨૦૧૦ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૦૯/૮/પે સેલ, તા. ૧/૯/૨૦૧૦ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૧૦/૫૧/પે સેલ, તા. ૨૨/૧૧/૨૦૧૧ ના ઠરાવ ક્ર. પીજીઆર-૧૦૧૧/૬૭/પે સેલ તથા તા. ૧૨/૪/૨૦૧૨ ના ઠરાવ ક્ર. પીજીઆર/૧૦૧૧/૭૦/પે સેલ મુજબ કરવાની રહેશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારી વર્ગ, સહાયક અનુદાન લેતી બિન-સરકારી શાળાઓના તમામ કર્મચારીઓને લાગુ પડશે.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જે કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણમાં પગાર મેળવતા હોય તેઓને આ ઠરાવની જોગવાઇ મુજબ વધારો મળવાપાત્ર થશે.

પ્રસ્તુત ઠરાવનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. તે જ પ્રમાણે પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન-સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ તે જ પ્રમાણે સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે.

આ હુકમોને કારણે થતું ખર્ચ એ શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે, આ રીતે મંજૂર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
- તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ
- પત્ર દ્વારા